# ધર્મ અને વીજ્ઞાન

અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે;
અતીશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાનાં વાવેતર કરે.

યુરોપે અટપટાં યંત્રો શોધી ફીટ કર્યાં ફેક્ટરીમાં;
આપણે સીદ્ધીયંત્રો બનાવી, ફીટ કર્યાં ફોટામાં.

પશ્ચીમે ઉપગ્રહ બનાવી, ગોઠવી દીધા અંતરીક્ષમાં;
આપણે ગ્રહોના નંગ બનાવી, મઢી દીધા અંગુઠીમાં.

જાપાન વીજાણુ યંત્રો થકી, સમૃદ્ધ બન્યું જગમાં;
આપણે વૈભવલક્ષ્મીનાં વ્રતો કરી, ગરીબી રાખી ઘરમાં.

અમેરીકા વૈજ્ઞાનીક અભીગમથી બળવાન બન્યો વીશ્વમાં;
આપણે ધાર્મીક કર્મકાંડો થકી, કંગાળ બન્યા દેશમાં.

પશ્ચીમે પરીશ્રમ થકી, સ્વર્ગ ઉતાર્યું આ લોકમાં;
આપણે પુજાપાઠ ભક્તી કરી, સ્વર્ગ રાખ્યું પરલોકમાં.

એડવર્ડ જેનરે રસી શોધી, શીતળા નાબુદ કર્યા જગમાં;
આપણે શીતળાનાં મંદીર બાંધી, મુર્ખ ઠર્યા આખા જગમાં.

પર્યાવરણ-પ્રદુષણથી જ્યારે જગત આખું છે ચીંતામાં;
આપણે વૃક્ષો જંગલો કાપી, લાકડાં ખડક્યાં ચીતામાં.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

વાસ્તુશાસ્ત્રનો  દંભ  ને  વળગાડ, લોકોને  પીડે  આ  દેશમાં;
ફાલતુશાસ્ત્ર છે એ, છેતરાશો નહીં,ઠગનારા  ઘણા છે આ દેશમાં.

સાયંટીફીકલી  બ્લડ  ચેક  કરી,  એંગેજમેન્ટ  કરે પશ્ચીમમાં,
સંતાનોને ફસાવી જન્મકુંડળીમાં, લગ્નકુંડાળાં  થાય  આ  દેશમાં.

○○ ○○
○○
○

**શ્રી ખીમજીભાઈ**ના સૌજન્યથી **‘ઉંઝા જોડણી’**માં અને **‘ગુર્જરી - કલાપી’** ફોન્ટમાં પુનર્લેખનઃ **uttamgajjar@hotmail.com**
**October 23, 2005**

..ખીમજી કચ્છી..
એ-**38,** જલારામ સોસાયટી,
વેડ રોડ, **સુરત..395 006...** (ભારત)

PDF created with pdfFactory trial version www.pdffactory.com